# BUSINESS મિત્ર

સેન્સેક્સ-નિફ્ટીમાં સામસામી રાહ: બ્રોડર માર્કેટમાં સુધારાના પગલે રોકાણકારોએ એક લાખ કરોડ રૂપિયાની કમાણી કરી

## 2026ની શરૂઆતમાં શેરબજાર મિશ્ર




વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 1:** નવા વર્ષ 2026ના પ્રથમ ટ્રેડિંગ દિવસે શેરબજારમાં મિશ્ર વલણ જોવાયું હતું. નવા વર્ષના અવસર પર વિશ્વના ઘણા બજારમાં શેરબજારમાં વેપારની અસર આજે ભારતીય શેરબજારમાં પણ જોવા મળી હતી. બજારમાં સુસ્ત ટ્રેડિંગ પ્રવૃત્તિને કારણે ઓટો અને એફએમસીજી સિવાયના તમામ નિફ્ટી ઈન્ડેક્સમાં એક ટકાથી ઓછી વધઘટ થઈ હતી. જેમાંથી નિફ્ટી ઓટોમાં આજે એક ટકાનો વધારો થયો છે, જ્યારે નિફ્ટી એફએમસીજીમાં 3 ટકાથી વધુનો ઘટાડો નોંધાયો છે. આ જ સમયે સેન્સેકસ અને નિફ્ટી સપાટ બંધ રહ્યા હતા. આ મિશ્ર વલણ વચ્ચે પણ રોકાણકારોએ એક લાખ કરોડ રૂપિયાની કમાણી કરી હતી.

ઓટો શેરોમાં આજે પણ તેજીનો દોર જળવાઈ હ્યો હતો. માસિક વેચાણની જાહેરાતોની પાછળ ઓટો શેરોમાં સતત ટ્રેડિંગ સેશન માટે ખરીદીની માગ જોવા મળી હતી.

2025ના છેલ્લા દિવસે બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ રૂ. 475.79 લાખ કરોડ હતું, જે આજે નવા વર્ષના પ્રથમ દિવસે 476.88 લાખ કરોડ રૂપિયા પર પહોચ્યું હતું. આજે 144 શેરો બાવન વીકની ઉંચાઈએ પહોંચ્યા હતા, જ્યારે 87 શેરો બાવન વીકના નીચલા સ્તરે પહોંચ્યા હતા.

બીએસઇ સેન્સેક્સ 32 પોઈન્ટ એટલે કે 0.04 ટકા ઘટીને 85188.60 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 85451 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 85101 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 16.95 પોઈન્ટ એટલે કે 0.06 ટકા વધીને 26146.55 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 26197 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 26113 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફઅટી 129.70 પોઈન્ટ એટલે કે 0.22 ટકા સુધરીને 59711.55 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે બ્લુ ડાર્ટ એકસપ્રેસ 23.82 ગણા, વી ગાર્ડ ઈન્ડ. 12.85 ગણા, નિપ્પોન લાઈફ 12.07 ગણા, અદાણી ટોટલ ગેસ 8.04 ગણા, ગોડફ્રે ફિલિપ્સ 6.35 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે બ્લુ ડાર્ટ એકસપ્રેસ 41.93 ગણા, ગોડફ્રે ફિલિપ્સ 32.16 ગણા, આઈટીસી લિ. 29.43 ગણા, અદાણી ટોટલ ગેસ 19.59 ગણા અને વી ગાર્ડ ઈન્ડ. 17.39 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં ધીમો ઘટાડો જોવાયો હતો. બીએશઇ મિડકેપ ઈન્ડેકસ 0.27 ટકા અને સ્મોલકેપ ઈન્ડેકસ 0.02 ટકા ઘટ્યો હતો. આમ છતાં માર્કેટ બ્રેડર્થ પોઝિટવ રહ્યું હતું. બીએસઈ ખાતે 2211 શેરો વધ્યા હતા. જ્યારે 1952 શેરો ઘટ્યા હતા, જ્યારે 171 શેરો યથાવત રહ્યા હતા.

ઓટો શેરોમાં મજબૂતાઇ જોવા મળી હતી. નિફ્ટી ઓટો ઈન્ડેકસ 1.03 ટકા વધ્યો હતો. જેમાં અશોક લેલેન્ડ, બજાજ ઓટો, સંવર્ધન મધરસન ઈન્ટરનેશનલ, ટીવીએસ મોટર, મહિન્દ્રા-મહિન્દ્રા, હીરો મોટોકોર્પ, ટયુબ ઈન્વેસ્ટમેન્ટ, આઈશર મોટર, બોશ અને એકસાઈડ ઈન્ડ. વધ્યા હતા.

વૈશ્વિક બજારોમાં અમેરિકા, યુરોપ અને એશિયાના મુખ્ય બજારો બંધ રહ્યા હતા. જોકે, યુએસના ગઈકાલે એસ એન્ડ પી 500 ઈન્ડેક્સ ઘટ્યો હતો, પણ છતાં ઈન્ડેક્સ હજુય પણ બમ્પર વર્ષ સાથે બંધ રહ્યો હતો.

### ફોરેક્સ બજાર

| | |
|---|---|
| ડોલર | 89.79 રૂ. |
| યુરો | 105.63 રૂ. |
| પાઉન્ડ | 121.33 રૂ. |
| યેન | 0.5751 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -32.00 | 85188.60 |
| નિફ્ટી | 16.95 | 26146.55 |
| બેન્ક નિફ્ટી | 129.70 | 59711.55 |

### નિફ્ટી

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| શ્રીરામ ફાઇનાન્સ | 2.36 | 1019.70 |
| બજાજ ઓટો | 2.30 | 9558.00 |
| ઇટર્નલ | 2.07 | 283.80 |
| એનટીપીસી | 2.05 | 336.30 |
| વિપ્રો | 1.55 | 267.35 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| આઇટીસી | 9.71 | 363.85 |
| ડો. રેડ્ડીઝ લેબ | 1.42 | 1253.40 |
| બજાજ ફાઇનાન્સ | 1.39 | 973.10 |
| ટાટા કન્ઝયુમર | 1.27 | 1176.90 |
| ઓએનજીસી | 1.02 | 237.94 |

### સેન્સેક્સ

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એનટીપીસી | 2.08 | 336.30 |
| ઇટર્નલ | 2.05 | 283.65 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.40 | 3761.70 |
| લાર્સન-ટુબ્રો | 1.38 | 4139.45 |
| પાવરગ્રીડ | 1.23 | 267.80 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| આટીસી | 9.69 | 363.95 |
| બજાજ ફાઇનાન્સ | 1.46 | 972.20 |
| એશિયન પેઇન્ટસ | 0.63 | 2752.10 |
| બીઇએલ | 0.50 | 397.70 |
| ICICI બેન્ક | 0.42 | 1337.25 |

## ડિસેમ્બરમાં યુપીઆઇ ટ્રાન્ઝેક્શન વધીને 21.63 અબજ થયા

**ભારતમાં** 70.9 કરોડ સક્રિય યુપીઆઇ ક્યુઆર કોડ છે, જે જુલાઇ 2024થી 21 ટકાનો વધારો દર્શાવે છે

નવી દિલ્હી, તા. 1: ડિસેમ્બરમાં યુપીઆઈ દ્વારા ટ્રાન્ઝેક્શનમાં તીવ્ર વધારો થયો હતો. એનપીસીઆઈ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, ડિસેમ્બરમાં યુપીઆઈ દ્વારા 21.63 અબજ વ્યવહારો થયા હતા, જે પાછલા વર્ષ કરતા 29 ટકા વધુ છે. તે જ સમયે, વ્યવહારોની કુલ રકમ પણ 20 ટકા વધીને 27.97 લાખ કરોડ રૂપિયા થઈ છે.

મહિના દર-મહિનાના આધારે, યુપીઆઈ વ્યવહારોની સંખ્યા અને જથ્થામાં નોંધપાત્ર વધારો થયો હતો. ડિસેમ્બરમાં સરેરાશ દૈનિક વ્યવહાર 90217 કરોડ રૂપિયા હતો, જે નવેમ્બરમાં 87721 કરોડ રૂપિયા હતો.

ડિસેમ્બરમાં, દરરોજ સરેરાશ 698 મિલિયન યુપીઆઈ ટ્રાન્ઝેક્શન થયા હતા, જે નવેમ્બરમાં 682 મિલિયન કરતા વધુ છે.

નવેમ્બરમાં યુપીઆઈ ટ્રાન્ઝેક્શનની સંખ્યા 20.47 અબજ હતી, જે વાર્ષિક ધોરણે 32 ટકાનો વધારો દર્શાવે છે. તે મહિનામાં કુલ ટ્રાન્ઝેક્શનની રકમ 26.32 લાખ કરોડ રૂપિયા હતી, જે 22 ટકાનો વધારો છે.

આ જ સમયગાળા દરમિયાન, ડિસેમ્બરમાં ઈન્સ્ટન્ટ મની ટ્રાન્સફર સિસ્ટમ દ્વારા કુલ 6.62 લાખ કરોડ રૂપિયાના વ્યવહારો કરવામાં આવ્યા હતા. આ ગયા વર્ષ કરતા 10 ટકા વધુ અને નવેમ્બરમાં 6.15 લાખ કરોડ રૂપિયાથી વધુ છે.

ડિસેમ્બરમાં આઈએમપીએસ દ્વારા 380 મિલિયન ટ્રાન્ઝેક્શન થયા હતા, જે નવેમ્બરમાં 369 મિલિયન હતા. તે જ સમયે, આઈએમપીએસ તરફથી દૈનિક ટ્રાન્ઝેક્શન 21269 કરોડ રૂપિયા હતું, જે નવેમ્બરમાં 20506 કરોડ રૂપિયા હતું.

તાજેતરના અહેવાલ મુજબ, ભારતમાં હવે 70.9 કરોડ સક્રિય યુપીઆઈ કયુઆર કોડ છે, જે જુલાઈ 2024થી 21 ટકાનો વધારો દર્શાવે છે. કરિયાણાની દુકાનો, મેડિકલ સ્ટોર્સ, બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશનો અને ગામડાઓ સુધી ક્યૂઆર કોડ પહોંચવાથી સ્કેનિંગ અને પેઈંગ હવે સમગ્ર દેશમાં સામાન્ય બની ગયું છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે પર્સન-ટુ-શોપકીપર (પીટુએમ) ટ્રાન્ઝેકશન્સ પર્સન-ટુ-પર્સન (પીટુપી) ટ્રાન્ઝેક્શન્સ કરતા વધારે હતા. આનો અર્થ એ થયો કે લોકો રોજિંદા ખરીદીમાં યુપીઆઈનો વધુ ઉપયોગ કરી રહ્યા છે.

પીટુએમ ટ્રાન્ઝેક્શન 35 ટકા વધીને 37.46 અબજ રૂપિયા થયા છે, જ્યારે પીટુપી ટ્રાન્ઝેક્શન 29 ટકા વધીને 21.65 અબજ રૂપિયા થયા છે. સરેરાશ દરેક ટ્રાન્ઝેક્શનની રકમ 1262 રૂપિયા થઈ ગઈ હતી, જે અગાઉ 1363 રૂપિયા હતી. આ દર્શાવે છે કે લોકો હવે ટ્રાવેલ, ભોજન, દવા અને સ્થાનિક ખરીદી જેવા નાની ચૂકવણી માટે યુપીઆઈનો વધુ ઉપયોગ કરી રહ્યા છે.

## એનએસઇ પર રજિસ્ટર્ડ યુનિક રોકાણકારો 12.5 કરોડ

**સૌથી** વધુ રોકાણકારો મહારાષ્ટ્રના છે, ત્યારબાદ ઉત્તરપ્રદેશના

**ગુજરાતના** 1.07 કરોડ રોકાણકારો

મુંબઇ, તા. 1: એનએસઈએ તેનો વર્ષાંતનો અહેવાલ જાહેર કર્યો છે. આ મુજબ, 30 ડિસેમ્બર, 2025 સુધીમાં એનએસઇ પર રજિસ્ટર્ડ યુનિક રોકાણકારોની કુલ સંખ્યા 12.5 કરોડ હતી. તે જ સમયે, કુલ યુનિક એકાઉન્ટ્સ 24.5 કરોડ હતા. 30 ડિસેમ્બર, 2025 સુધીમાં, પ્લેટફોર્મ પર નોંધાયેલા નવા રોકાણકારોની સંખ્યા 1.6 કરોડ હતી. રાજ્ય મુજબ, ભારતના રોકાણકારોના આધારમાં પશ્ચિમ અને ઉત્તરીય રાજ્યો વધુ પ્રભુત્વ ધરાવતા હતા.

સૌથી વધુ રોકાણકારો મહારાષ્ટ્રના હતા. એનએસઈના અહેવાલ મુજબ, 30 ડિસેમ્બર 2025 સુધીમાં, મહારાષ્ટ્રના 19.75 કરોડ રોકાણકારો હતા. આ સંખ્યા ગયા વર્ષના 17.92 કરોડ રોકાણકારો કરતા 10.2 ટકા વધુ છે. ત્યારબાદ ઉત્તર પ્રદેશનો નંબર આવે છે. 2025માં રાજ્યના રોકાણકારોનો આધાર 17.6 ટકા વધ્યો હતો. 30 ડિસેમ્બર સુધી રાજ્યમાં 14.47 કરોડ રોકાણકારો હતા. એક વર્ષ પહેલા, 30 ડિસેમ્બર, 2024 સુધીમાં, આ સંખ્યા 12.31 કરોડ રોકાણકારો હતી.

ડિસેમ્બર 2025ના અંત સુધીમાં, ગુજરાતમાં કુલ 1.07 કરોડ રોકાણકારો હતા. આ સંખ્યા ગયા વર્ષના 96.8 લાખ રોકાણકારોની તુલનામાં 11.4 ટકા વધુ છે. ડિસેમ્બરના અંત સુધીમાં પશ્ચિમ બંગાળમાં કુલ 73.5 લાખ રોકાણકારો હતા. આ આંકડો ડિસેમ્બર 2024ના અંત સુધીમાં 6.37 મિલિયન રોકાણકારો કરતાં 15.5 ટકા વધારે છે. 2025માં ભારતના દક્ષિણના રાજ્યોમાં તમિલનાડુએ સૌથી વધુ રોકાણકારો નોંધાવ્યા હતા. રાજ્યનો રોકાણકારોનો આધાર એક વર્ષ પહેલા 59.3 લાખ હતો પરંતુ ડિસેમ્બર 2025 ના અંત સુધીમાં તે 18 ટકા વધીને 70 લાખ થઈ ગયો છે. એ જ રીતે કર્ણાટકના રોકાણકારોની સંખ્યા વાર્ષિક ધોરણે 14.7 ટકા વધીને 69.1 લાખ થઈ છે. ડિસેમ્બર 2024ના અંત સુધીમાં, આ રાજ્યમાં કુલ 60.3 લાખ રોકાણકારો હતા.

ડિસેમ્બર 2025ના અંત સુધીમાં, મધ્યપ્રદેશમાં 60.2 લાખ રોકાણકારો નોંધાયા હતા. જે ગયા વર્ષના 52.8 મિલિયન રોકાણકારો કરતા 13.9 ટકા વધુ છે. ડિસેમ્બર 2025ના અંત સુધીમાં આંધ્ર પ્રદેશનો રોકાણકારો વાર્ષિક ધોરણે 19.4 ટકા વધીને 5.92 મિલિયન રોકાણકારો થયા છે.

## એસી-ફ્રીજ જેવી આઈટમોના ભાવ 10 ટકા વધશે

**તાંબાના** વધતા ભાવથી ઇલેક્ટ્રોનીક્સ આઇટમોની કિંમતો વધશે: જીએસટીનો લાભ ભૂંસાઇ જશે

**બીઇઇ** સ્ટાર રેટિંગ માટે નવા નિયમો અમલ

નવી દિલ્હી, તા. 1: બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સીના નવા સ્ટાર રેટિંગ નિયમો આજથી અમલમાં આવતા હોવાથી નવા વર્ષમાં રેફ્રિજરેટર અને એસી જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો મોંઘા થઇ શકે છે. જેના કારણે રૂમ એસીના ભાવમાં 10 ટકા અને ફ્રિજની કિંમતમાં 5 ટકાનો વધારો થઇ શકે છે.

કંપનીઓનું કહેવું છે કે નવા રેટિંગ મુજબ મશીનરીમાં ફેરફાર અને મોંઘા ઘટકોના ઉપયોગને કારણે આ વધારો જરૂરી બની ગયો છે. તે જ સમયે, ડોલર સામે રૂપિયાની નબળાઈ અને વૈશ્વિક બજારમાં કોપરના વધતા ભાવો પણ ઉત્પાદકો પર દબાણ લાવી રહ્યા છે. બીઈઈ સ્ટાર રેટિંગના નવા લેબલિંગમાં ક્યૂઆર કોડ જરૂરી છે, તેમાં ઉત્પાદનની સંપૂર્ણ માહિતી હોવી આવશ્યક છે.

બીઈઈના નવા નિયમો હેઠળ, ઊર્જા કાર્યક્ષમતાના ધોરણો કડક બન્યા છે. બ્લુ સ્ટારના મેનેજિંગ ડિરેક્ટર બી. થિયાગરાજને જણાવ્યું હતું કે નવા નિયમોના અમલીકરણ પછી, આજનો 5-સ્ટાર એસી આવતીકાલનો 4-સ્ટાર બની જશે. તેવી જ રીતે, હાલના 4-સ્ટારને 3-સ્ટાર રેટિંગ આપવામાં આવશે અને 3-સ્ટારને 2-સ્ટાર રેટિંગ આપવામાં આવશે. નવા 5 સ્ટાર એસી આજની તુલનામાં 10 ટકા વધુ વીજળીની બચત કરશે, પરંતુ તેની કિંમત પણ લગભગ 10 ટકા વધુ હશે. બીઈઈએ માત્ર એસી અને રેફ્રિજરેટર માટે જ નહીં, પરંતુ અન્ય ઘણા ઘરગથ્થુ ઉપકરણો માટે પણ સ્ટાર લેબલિંગ ફરજિયાત બનાવ્યું છે.

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૩૭૫૨૦ |
| તેજાબી સોનું | ૧૩૭૪૩૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૦૬૫૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૩૪૭૭૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૩૭૫૨૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૫૫૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૭૦૦૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| ક્પાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| ક્પાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| ક્પાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ” | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ ” | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ ” | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

## સરકારનાં ઓપરેશન ગાંડીવના કારણે ૨૧ કરોડ લોકો દેશમાંથી બાકાત થઈ જશે?




તમને યાદ હશે કે ભારત સરકારે એક વખત નાગરિકતા સુધારા કાયદો (CAA) રજૂ કર્યો હતો. તેઓએ NRC (નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ) વિશે વાત કરી હતી અને તેનો દેશભરમાં ભારે વિરોધ થયો હતો. લોકો રસ્તા પર ઊતરી આવ્યાં હતાં અને પૂછતાં હતાં કે અમે જૂના દસ્તાવેજો ક્યાંથી મેળવી શકીએ? અમારી પાસે આટલા જૂના દસ્તાવેજો કેવી રીતે હોઈ શકે? આ બધાં દબાણ હેઠળ સરકારે પાછળ હટવું પડ્યું, પરંતુ પછી સરકારે એક નવો રસ્તો શોધી કાઢ્યો છે. ચૂંટણી પંચ દ્વારા સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) શરૂ કરવામાં આવ્યું હતું. આનાથી દેશભરની મતદાર યાદીઓનું સંપૂર્ણ ઓડિટ કરવામાં આવ્યું છે. આ પરોક્ષ રીતે નાગરિકત્વની ચકાસણી કરે છે, કારણ કે મતદાર ID નાગરિકત્વનો સીધો પુરાવો ન હોઈ શકે, પરંતુ ફક્ત ભારતીય નાગરિક જ મતદાન કરી શકે છે. આનાથી આ કામ થઈ ગયું. હવે,આગળનું પગલું વધુ મોટું છે. સરકારે NPR (નેશનલ પોપ્યુલેશન રજિસ્ટર) ને નેટગ્રીડ (નેશનલ ઇન્ટેલિજન્સ ગ્રીડ) માં એકીકૃત કર્યું છે. NPR ને નેટગ્રીડ સાથે જોડવાથી બરાબર શું પ્રાપ્ત થયું? સરકાર દાવો કરે છે કે ભારતની કુલ વસ્તી ૧૪૦ કરોડ લોકોથી વધુ છે, પરંતુ ફક્ત ૧૧૯ કરોડ લોકો પાસે તેના વિશે સંપૂર્ણ ડિજિટલ ડેટા છે. આનો અર્થ એ છે કે તેઓ સંપૂર્ણપણે ચકાસાયેલા ડિજિટલ નાગરિક છે. હવે મોટો પ્રશ્ન એ છે કે બાકીના ૨૧ કરોડ લોકો ક્યાં ગુમ થઈ ગયાં છે? શું તેમનું ભારતમાં અસ્તિત્વ જ નથી? શું ભારત સરકારના વસતીગણતરીના આંકડા ખોટા છે? કે ભારતમાં ૨૧ કરોડ લોકો દસ્તાવેજ વગર રહે છે, જેઓ કદાચ ઘૂસણખોર હોઈ શકે છે. આ અંતર બહુ મોટું છે. શું સરકાર આ ૨૧ કરોડ લોકોને સિસ્ટમમાંથી દૂર કરવા જઈ રહી છે? ઓપરેશન ગાંડીવ શું છે? નેટગ્રીટ અને ગાંડીવ એકસાથે કેવી રીતે કામ કરશે? કેટલાં લોકો પ્રભાવિત થશે? તે સમજવું જરૂરી છે.

પહેલાં નેટગ્રીડને સમજો. ભૂતકાળમાં ખરેખર શું બન્યું હતું? તમારો બધો ડેટા અલગ અલગ જગ્યાએ વેરવિખેર હતો. પોલીસને તમારા ટ્રાવેલ હિસ્ટ્રીની ખબર નહોતી પડતી. ટેલિકોમ કંપનીઓ પાસે કોલ રેકોર્ડ હતા, પરંતુ સરકાર અને સરકારી તંત્ર પાસે સામાન્ય રીતે કોઈ રેકોર્ડ નહોતા. બેંકની માહિતી અલગ હતી. હવે, જો કોઈને ટ્રેસ કરવો હોય તો બહુવિધ સ્રોતોમાંથી ડેટા ભેગો કરવો પડતો હતો. બેંક સંબંધિત માહિતી માટે બેંકોની મુલાકાત લેવી પડતી હતી. પરંતુ હવે સરકારે નેટ ગ્રીડ બનાવ્યું છે. નેટ ગ્રીડ એટલે નેશનલ ઇન્ટેલિજન્સ ગ્રીડ. તે તમારા જીવનની દરેક ડિજિટલ પ્રવૃત્તિને એક જગ્યાએ સંગ્રહિત કરે છે. આનો અર્થ એ છે કે બેંક વ્યવહારો, મુસાફરી ઇતિહાસ, ફોન કોલ રેકોર્ડ વગેરે બધું એક પ્લેટફોર્મ પર રેકોર્ડ કરવામાં આવશે. તે મુખ્યત્વે સુરક્ષા એજન્સીઓ માટે ગુના અથવા આતંકવાદની તપાસને ઝડપી બનાવવા માટે છે. નેટગ્રીડનું સૌથી મહત્ત્વપૂર્ણ સાધન ગાંડીવ છે. ગાંડીવ એ AI-આધારિત ગુપ્તચર સાધન છે. તે ફક્ત તમને ટ્રેક કરતું નથી, પરંતુ તમારા ડેટાની ઊંડાણપૂર્વક તપાસ કરે છે. તે બેંક વ્યવહારો, મુસાફરીનો ઇતિહાસ અને કોલ પેટર્ન પર પણ નજર રાખે છે. ગાંડીવ તમારા ડિજિટલ ફૂટપ્રિન્ટનું મૂલ્યાંકન કરે છે. હવે, ધારો કે ગાંડીવ તમારા ડેટામાં એક નાની વિસંગતતા શોધે છે, જેમ કે શંકાસ્પદ સ્થાનની મુલાકાત અથવા અજાણ્યા એકાઉન્ટમાંથી નાની UPI ચુકવણી. આ બધું ડિજિટલી ટ્રેક કરવામાં આવશે.

ગાંડીવ તમારી ધરપકડ નહીં કરે, પરંતુ તે ચોક્કસપણે તમારી ડિજિટલ વિશ્વસનીયતા ઘટાડશે. આ ઘટાડાની શું અસર થશે? તમને હાઇલાઇટ કરીને ચિહ્નિત કરવામાં આવશે. તમને ગુનેગાર તરીકે લેબલ કરવામાં આવશે નહીં, પરંતુ તમે ચોક્કસપણે અવિશ્વસનીય બની જશો અને હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે તે ૨૧ કરોડ લોકોનું શું થશે જેમને બાકાત રાખવામાં આવ્યાં છે? આ ૨૧ કરોડ લોકો સૌથી વધુ પ્રભાવિત થશે, જેમને સરકારે સંપૂર્ણ રીતે ચકાસાયેલાં માન્યાં નથી. સરકાર હજુ સુધી તેમને દેશમાંથી બાકાત નથી કરી રહી, પરંતુ તે ચોક્કસપણે તેમને ડિજિટલ સિસ્ટમમાંથી બાકાત રાખી રહી છે. હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે કેવી રીતે? પ્રથમ, મેટાડેટા ટેસ્ટ, એટલે કે જો તમારું સિમ કોઈ બીજાના નામે છે અથવા તમારું આધાર વર્ષોથી અપડેટ કરવામાં આવ્યું નથી, તો તે શંકા પેદા કરે છે. બીજું, ફેમિલી ટ્રી ચેક, એટલે કે NPR અને નેટગ્રીડ મળીને તમારું ડિજિટલ ફેમિલી ટ્રી બનાવે છે. જો પરિવારના સભ્યોના રેકોર્ડ મેળ ખાતા નથી તો આખા પરિવારને ગ્રે લિસ્ટમાં મૂકવામાં આવે છે અને ત્રીજું, અદૃશ્ય જાળ, એટલે કે ગરીબ, વૃદ્ધ, આદિવાસી અથવા વિચરતા સમુદાયો, જેઓ ડિજિટલ દુનિયાથી અલગ છે, તેઓ સરળતાથી ફસાઈ શકે છે. સરકાર તેમના માટે ખાસ પગલાં લઈ રહી છે, પરંતુ જોખમ હજુ પણ છે.

આ પગલાંથી આ ૨૧ કરોડ લોકો દેશમાં રહેતાં હોવા છતાં ડિજિટલી ગાયબ થઈ શકે છે. તેમની પાસે ઘર અને ખોરાક હોઈ શકે છે, પરંતુ તેઓ સરકારી સિસ્ટમમાં દેખાશે નહીં. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે આમાં ઘૂસણખોરો અથવા ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓ સામેલ હોઈ શકે છે, જેમને આ રીતે હાંકી કાઢવામાં આવશે. NRC નો વિરોધ શા માટે હતો? કારણ કે તે શેરીઓમાં થયો હોત, લોકો ઘરે ઘરે જઈને દસ્તાવેજોની માંગણી કરતા હોત, પરંતુ આ નવી પદ્ધતિ સર્વર રૂમમાં શાંતિથી કાર્યરત છે. NPR ને નેટગ્રેડ સાથે જોડવાનો અર્થ એ છે કે પહેલી વાર, નાગરિકતા ડેટા સુરક્ષા ડેટા સાથે જોડવામાં આવ્યો છે. હવે, તમારી ઓળખ ફક્ત કાગળ પર નહીં પણ તમારા વર્તન પર પણ આધારિત રહેશે. પહેલાં સરહદો કાંટાળા તારથી બનેલી હતી. હવે, સરહદ તમારા બેંક ખાતા અને તમારા ફોન વચ્ચે છે. જો ગાંડીવ તમને અનવેરિફાઇડ તરીકે ચિહ્નિત કરે છે, તો તમે દેશમાં રહેતાં હોવા છતાં પણ એક અદૃશ્ય દિવાલ પાછળ રહેતાં હશો.

મતદાર યાદીઓ SIR વડે સાફ કરવામાં આવી રહી છે, પરંતુ જ્યારે SIR ડેટાને ગાંડીવ સાથે જોડવામાં આવે છે, ત્યારે શું કોઈ અલ્ગોરિધમ નક્કી કરશે કે તમે મતદાન કરી શકો છો કે નહીં? જો તમે તે ૨૧ કરોડ શંકાસ્પદોમાં સામેલ છો, તો તમારું નામ મતદાર યાદીમાંથી દૂર થઈ શકે છે. આનો અર્થ એ છે કે નાગરિકતા હવે ફક્ત એક અધિકાર નથી, પરંતુ એક સબ્સ્ક્રિપ્શન છે, જે તમે તમારા ડેટા સાથે દરરોજ રિન્યુ કરો છો. આ બધું ક્યાંથી શરૂ થયું? તે આધાર કાર્ડથી શરૂ થયું અને હવે એક વિશાળ ડિજિટલ ઇકોસિસ્ટમમાં વિસ્તર્યું છે. શું ફક્ત ૧૧૯ કરોડ સાચાં નાગરિકો જ રહેશે? તે હજુ સ્પષ્ટ નથી. પરંતુ ગાંડીવની ચકાસણી પાસ કરનારાઓને જ સંપૂર્ણપણે મુક્ત નાગરિક ગણવામાં આવશે. બાકીનાને અનંત ચકાસણીનો વિષય બનાવવામાં આવશે.

પ્રશ્ન એ નથી કે સરકાર શું કરી શકે છે, પરંતુ શું આપણે સમજીએ છીએ કે આપણી સાથે શું થઈ રહ્યું છે. જો તમે હજુ પણ સમજી શકતાં નથી કે શું થઈ રહ્યું છે, તો તમારી આંખો બંધ કરો અને ધારો કે કંઈક સારું થઈ રહ્યું છે. ઓળખ એ છે કે આપણે કોણ છીએ. સુરક્ષા એ છે કે સરકાર આપણા વિશે શું વિચારે છે. આ એક મોટો ફેરફાર છે. વિશ્વની સૌથી મોટી ડિજિટલ સર્વેલન્સ સિસ્ટમ બનાવવામાં આવી રહી છે. દેશનું શાસન અલ્ગોરિધમ દ્વારા થશે. ૨૧ કરોડ લોકો ડિજિટલ બાકાતનો સામનો કરી શકે છે. સુરક્ષા અને અધિકારો વચ્ચે ટકરાવ થઈ શકે છે. આ થોડું ચિંતાજનક છે, પરંતુ સરકાર ખૂબ કાળજીપૂર્વક આગળ વધશે. શું આ દેશની સુરક્ષા માટે સારું પગલું છે?

આ બાબતમાં કદાચ કોઈ દલીલ કરી શકે કે જેમ આધાર કાર્ડનો વિવાદ સુપ્રીમ કોર્ટમાં ગયો હતો અને સુપ્રીમ કોર્ટે આધાર કાર્ડ પ્રાઇવસી પર અતિક્રમણ કરતું હોવાથી તેને ફરજિયાત બનાવવાનો નિષેધ કર્યો હતો તેમ ગાંડીવ પ્રોજેક્ટ પણ દેશનાં ૧૪૦ કરોડ નાગરિકોની પ્રાઇવસી પરનું અતિક્રમણ છે. કોઈ કહેશે કે સરકાર ભારતને સર્વેલન્સ સ્ટેટ બનાવવા માગે છે, જ્યાં દરેક નાગરિકની દરેક હિલચાલ પર સરકારની નજર રહેશે અને સરકાર જેને ધારે તેને સિસ્ટમમાંથી બાકાત કરી શકશે. સરકારના હાથમાં દેશનાં તમામ નાગરિકોનો તમામ પ્રકારનો ડેટા એક જ સ્થાન પર સંગ્રહિત હશે, જેનો ઉપયોગ સરકાર હથિયાર તરીકે પણ કરી શકશે. આ હથિયારનો ઉપયોગ આતંકવાદીઓ માટે કરવામાં આવે ત્યાં સુધી તો વાંધો નથી પણ તેનો ઉપયોગ વિપક્ષી નેતાઓ સામે કરવામાં આવે કે સરકારની નીતિનો વિરોધ કરનારાં તમામ લોકો સામે પણ કરવામાં આવે તો તેના કારણે લોકશાહી ખતમ થઈ જશે. સરકાર માઉસના એક ક્લિકથી તેમનું બેન્ક અકાઉન્ટ ફ્રીઝ કરી શકશે કે ડ્રાઇવિંગ લાઇસન્સ રદ કરી શકશે, જે તેને સરમુખત્યાર બનાવી દેશે.

ટુ ધ પોઇન્ટ ▪ સમકિત શાહ

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**સરકાર ભારતને સર્વેલન્સ સ્ટેટ બનાવવા માગે છે, જ્યાં દરેક નાગરિકની દરેક હિલચાલ પર સરકારની નજર રહેશે અને સરકાર જેને ધારે તેને સિસ્ટમમાંથી બાકાત કરી શકશે**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**જમીન પુરાણ માટેનો**
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**લાઈફ હિંચકાના કડાં**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ: 8460222292, 8460222282

**પેપર ડિશ, ગ્લાસ**
બાજ, દડિયા, સિલ્વર થાળીઓ ડસ્ટબિન બેગો મળશે. શિવકૃપા ડિસ્પોઝેબલ, રાંદેર રોડ, હાઉસિંગમાં, સુરત. ૯૪૨૬૩૯૪૨૯૪

**ઘરબેઠા TV, LCD,**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં. દામિની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9664875838

નોકરી વિષયક
WANTED

**મસાલા પેકીંગ માટે**
પુરુષ સ્ટાફ જોઈએ છે. 9000/- પગાર સમય (9:30 થી 8:00) Mo. 9265470310

**સ્કીન પ્રિન્ટીંગ માટે**
ટીશર્ટસ્ પ્રિન્ટીંગ માટે, સ્કીન પ્રિન્ટીંગના અનુભવી માણસો તથા હેલ્પર ભાઈઓ/ બહેનો જોઈએ છે. (સૈયદપુરા તથા નજીકના એરીયાના વ્યક્તિઓને પ્રથમ પસંદગી) 'કલર ડ્રોપ' સ્કીન એન્ડ આર્ટ, સુરત. મો: ૯૮૨૫૩૪૨૭૫૧, ૯૦૩૩૦૯૩૦૪૭ (725)

**પથારિવશ,બા,દાદા**
દરદીની. સંભાળ માટે લેડિસ જેન્ટ્સ સ્ટાફ જોઈએ છે ૧૦ કલાક ૨૪ કલાક માં ૯૭૨૩૮૮૬૨૪૨

**We Are Hiring**
હેલપર જેમને કાપડનો અનુભવ હોય કોટ પેન્ટ, શર્ટ પેન્ટ, સુટ શેરવાની અને ગ્રાહકોને પણ સંભાળી શકે SALARY 10,000 To 12,000 IRFAN TEXTILE (MOTIWALA) 9825139287, 8866702120 NEAR CHOWK BAZAR, JUMA MASJID, SURT- 395003

**જોઈએ છે.**
કમ્પ્યુટર તથા પેકીંગનાં જાણકાર ફીમેલ ઉમેદવાર રૂબરૂ મળો. સોમથી શનિ 12થી 5 દરમિયાન 307-308/ ત્રીજે માળે ઓટોગ્રાફ ધી-કમર્શિયલ હબ રાજહંસ ઓલમ્પીયાની સામે ભટારરોડ, સુરત

મિલ્કત ભાડેથી

**સચિન GIDC**
ગ્રાઉન્ડ ફ્લોરનો ગોડાઉન 12 ફૂટ હાઈટ આશરે 10000 સ્કેર ફૂટ ભાડે આપવાનું. 9879046147

**સચિન હોજીવાલા**
થી નજીક વેરહાઉસ ભાડે આપવાનુ છે 130 X 65 અને 23 ફૂટ હાઈટ વાળો તૈયાર શેડ... સ્ટાફ માટે રૂમ ની સગવડ પણ મળી રહેશે... 3 ફેઈઝ વીજળી કનેક્શન તથા મીઠા પાણી નો બોર... પણ ઉપલબ્ધ... પલસાણા થી ફક્ત 6 k.m. અને હોજીવાલા થી ફક્ત 2 k.m. એડ્રેસ મુ.પો. કછોલી, લાજપોર તરાજ રોડ. જિલ્લા સુરત. વધુ માહિતી માટે સંપર્ક કરો. 9924441820

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**3/જાન્યુઆરી**
દરરોજ મહામધ મેળો પ્રયાગરાજ, (9/ જાન્યુઆરી ખાટુશ્યામ, જયપુર) 9825967888

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.